email: citypulse@gujaratmitra.in

CITY pulse

કાઇ પો છે...

ગુજરાતમિત્ર

શુક્રવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૬

માંડવીથી ચારેય દરવાજા સુધી ઉત્તરાયણ પહેલાં જ ઝાકમઝોળ

વડોદરાનું આકાશ જ નહીં, બજાર પણ રંગીન બન્યું

વડોદરાનું હૃદય ગણાતું માંડવી-ઉત્તરાયણ નજીક આવે એટલે અહીંનું દ્રશ્ય જાણે ઉત્સવમાં ફેરવાઈ જાય છે. પતંગો માત્ર આકાશમાં નહીં, પણ લોકોની આંખોમાં, વાતોમાં અને બજારની ગલીઓમાં ઉડતા દેખાય છે. ગણતરીના દિવસોમાં આવતું ઉત્તરાયણ પર્વ માંડવી બજારને ફરી એકવાર જીવંત, રંગીન અને ગજબની ઊર્જાવાળું બનાવી ગયું છે. માંડવી બજારઃ જ્યાં ઉત્સવ રસ્તા પર ઉતરે છે માંડવી વિસ્તારમાં હાલ પતંગ, દોરી, માંજા, પીપુડા, રંગબેરંગી ટોપીઓ, માસ્ક અને ઉત્તરાયણના ફેન્સી આઈટમ્સની ભરમાર છે. સાંજ પડે એટલે લોકોની અવરજવર એટલી વધી જાય છે કે બજાર જાણે ચાલતું-ફરતું મેળો બની જાય. બાળકો પતંગ પસંદ કરવામાં વ્યસ્ત છે, યુવાનો ટ્રેન્ડી માસ્ક અને પીપુડા અજમાવે છે, જ્યારે મોટા લોકો દોરીની મજબૂતી અને માંજાની ધાર ચકાસતા જોવા મળે છે.

પતંગ વેચતા એક જૂના વેપારી કહે છે,"ઉત્તરાયણમાં માંડવીની રોનક અલગ જ હોય છે. લોકો ફક્ત ખરીદી કરવા નથી આવતા, પણ વાતાવરણ માણવા આવે છે." ભીડ વધતા માંડવી રોડ પર ટ્રાફિક ધીમો પડ્યો છે. રસ્તા પર ઉતરેલા ફેરિયાઓ અને ખરીદદારોના કારણે વાહનચાલકોને થોડી મુશ્કેલી પડે છે, પરંતુ પોલીસ અને ટ્રાફિક બ્રિગેડ દ્વારા વ્યવસ્થા જાળવવાના પ્રયાસો પણ સતત ચાલી રહ્યા છે. ક્યાંક-ક્યાંક વાહનો અટકી જાય છે, છતાં કોઈના ચહેરા પરથી ઉત્સાહ ઓછો થતો નથી-કારણ કે ઉત્તરાયણ વર્ષે એક જ વાર આવે છે. જો ઉત્તરાયણની "સાચી વડોદરાવાળી મજા" જોવી હોય, તો નજર જાય છે ચાર દરવાજા વિસ્તાર તરફ. અહીં તૈયારીઓ વધુ પરંપરાગત અને ભાવનાત્મક લાગે છે. છત પર ચઢવાની ચર્ચા, પડોશી સાથે પતંગ સ્પર્ધાની યોજના અને "આ વર્ષે કોની પતંગ વધારે ઊંચી જશે" તેની હળવી ટક્કર-બધું જ શરૂ થઈ ગયું છે. અહીંના રહેવાસીઓ કહે છે કે ઉત્તરાયણ માત્ર પતંગ ઉડાવવાનો દિવસ નથી, પરંતુ પરિવાર, મિત્રો અને પાડોશને જોડતો ઉત્સવ છે. માંડવી અને ચાર દરવાજા સુધી જ વાત સીમિત નથી. વડોદરાના અન્ય વિસ્તારોમાં પણ પતંગ અને માંજાની દુકાનો ધમધમવા લાગી છે. ગલીઓમાં બાળકો પતંગ ઉડાવવાની પ્રેક્ટિસ કરતા દેખાય છે, તો છત પરથી પીપુડાનો અવાજ સંભળાવા લાગ્યો છે-જે ઉત્તરાયણના આગમનની સાચી નિશાની છે.

ઉત્તરાયણ ફક્ત પર્વ નહીં, વડોદરાની આગવી ઓળખ છે

ઉત્તરાયણ વડોદરા માટે માત્ર તહેવાર નથી, તે શહેરની સંસ્કૃતિ, સામૂહિક આનંદ અને જીવંત પરંપરાનું પ્રતિબિંબ છે. માંડવીની ભીડ હોય કે ચાર દરવાજાની છતો-દરેક જગ્યાએ એક જ સંદેશ ગુંજે છેઃ "ઉત્તરાયણ આવી ગઇ છે!

વડોદરાના યુવા સામાજિક કાર્યકરની અનોખી પહેલ

મકરસંક્રાંતિ દાન ઉત્સવથી કુપોષણ સામે 'ચક દે ચિક્કી'નો જંગ

વડોદરામાં કુપોષણ સામે સ્થાયી ઉકેલ લાવવાના ભગીરથ સંકલ્પ સાથે Team Trees Charitable Trust છેલ્લા ત્રણ વર્ષથી 'ચક દે ચિક્કી' અભિયાન ચલાવી રહ્યું છે. મકરસંક્રાંતિના પાવન અવસરે યોજાતો આ મકરસંક્રાંતિ દાન ઉત્સવ માત્ર દાન પૂરતો નથી; તે પોષણ, સંવેદના અને સામાજિક જવાબદારીનું સંયોજન છે. ટ્રસ્ટના સ્થાપક ઋત્વિક પુરોહિત જણાવે છે કે મકરસંક્રાંતિ પોષણ માસમાં આવતી હોવાથી તહેવારની ઉજવણીને પોષણના સંદેશ સાથે જોડવાની વિચારણા જન્મી. "ચિક્કી પોષક તત્ત્વોથી ભરપૂર છે-તલ અને સિંગમાં રહેલું પ્રોટીન, કેલ્શિયમ અને ઊર્જા બાળકોના સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. તેથી 'ચક દે ચિક્કી' દ્વારા અમે આનંદ સાથે આરોગ્ય પહોંચાડીએ છીએ," તેઓ કહે છે. અભિયાનની શરૂઆતથી અત્યાર સુધી દર વર્ષે 2000થી વધુ કુપોષિત બાળકો સુધી પહોંચતા 1500 કિલો કરતાં વધુ શુદ્ધ, તાજી તલ-સિંગની ચિક્કી અને મમરાના લાડુનું વિતરણ કરવામાં આવે છે. આ પ્રયાસે અનેક પરિવારોમાં સ્વાસ્થ્ય સાથે આશાનો દીવો પ્રગટાવ્યો છે. સ્વયંસેવકોની ટીમ વ્યવસ્થિત આયોજન, ગુણવત્તા નિયંત્રણ અને સમયસર વિતરણ પર ખાસ ધ્યાન આપે છે-જે આ પહેલને વિશ્વસનીય બનાવે છે. 'ચક દે ચિક્કી' અભિયાન એ સાબિત કરે છે કે તહેવારની ખુશી સમાજના સૌથી નબળા વર્ગ સુધી પહોંચે ત્યારે જ તેની સાચી ઉજવણી થાય. ઋત્વિક પુરોહિત અને ટીમ ટ્રીસની આ નિષ્ઠાવાન કામગીરી કુપોષણ મુક્ત ભારત તરફનું મજબૂત પગલું છે. ટ્રસ્ટ દ્વારા વડોદરાના તમામ નાગરિકોને આ અભિયાનમાં જોડાવાની અપીલ કરવામાં આવી છે-કારણ કે બદલાવ, સહભાગિતાથી જ આવે છે.

વડોદરાની વાઇલ્ડ લાઇફ રેસ્ક્યૂ ટ્રસ્ટ અને અરવિંદભાઈ પવારની નિઃસ્વાર્થ જીવનદાયી સેવા

કેમ્પની વિગતો

તા. 12-20 જાન્યુઆરીઃ વાઘોડિયા વિસ્તાર, કલાદર્શન ચાર રસ્તા પાસે

તા. 14-15 જાન્યુઆરીઃ ગાંધીનગર ગૃહ પાસે, કારેલીબાગ અંબાલાલ પાર્ક ચાર રસ્તા પાસે, ગોરવા ITI પાસે

આકાશમાં રંગબેરંગી પતંગો, છતેથી ગુંજતો "કાઈપો છે"નો નાદ અને ઉત્સવની ખુશી-ઉતરાયણ ગુજરાતનું આત્મિય પર્વ છે. પરંતુ આ આનંદની વચ્ચે એક કરૂણ સત્ય છુપાયેલું છેઃ ધારદાર માંઝાથી ઘાયલ થતા સેંકડો અબોલા પક્ષીઓ. આ પીડાના સમયમાં વડોદરાના એક નિઃસ્વાર્થ યોદ્ધા અને તેમની ટીમ વર્ષોથી પક્ષીઓ માટે 'ફરિશ્તા' બનીને ઉભા છે-Wild Life Rescue Trust (WLRT) અને તેના પ્રમુખ અરવિંદભાઈ પવાર. ઉતરાયણ નજીક આવતાં જ અરવિંદભાઈ પવારની આગેવાની હેઠળ WLRT શહેરમાં અનેક પક્ષી સારવાર કેન્દ્રો શરૂ કરે છે. જ્યારે શહેર ઉત્સવમાં વ્યસ્ત હોય, ત્યારે આ ટીમ દિવસ-રાત લોહીથી લથબથ, કપાયેલી પાંખો અને ફ્રેક્ચરથી પીડાતા કબૂતર, સમડી, કાબર અને પોપટને બચાવે છે. ટાંકા, પાંખો પર પાટા, સર્જરીથી લઈને સંપૂર્ણ રિહેબિલિટેશન સુધી-પક્ષી ફરી આકાશમાં ઉડી શકે ત્યાં સુધી તેમની સંભાળ લેવામાં આવે છે. અરવિંદભાઈ કહે છે, "એક ઘાયલ પક્ષીને બચાવી ફરી ઉડતું જોવાનો સંતોષ કોઈ પણ સુખથી મોટો છે." તેમની સાથે જોડાયેલા સ્વયંસેવકો અને યુવાનો માનવતાનું જીવતું ઉદાહરણ પૂરું પાડે છે. WLRT માત્ર રેસ્ક્યૂ નથી કરતી; તે જાગૃતિ પણ ફેલાવે છે-સાવચેત પતંગ ઉડાડવા અને પક્ષીઓનું જીવન બચાવવા.

---

200 વર્ષથી વધુ જૂનો ખંભાતનો પતંગ ઉદ્યોગ

પરંપરા, કારીગરી અને રોજીરોટીનું આકારી જોડાણ

ગુજરાતમાં ઉત્તરાયણ આવે એટલે પતંગોની ચર્ચા અનિવાર્ય બને-અને આ ચર્ચાનો કેન્દ્રબિંદુ છે ખંભાત. બે સદીથી વધુ જૂનો ખંભાતનો પતંગ ઉદ્યોગ આજે પણ જીવંત છે અને હજારો પરિવારો માટે રોજીરોટીનો આધાર બની રહ્યો છે. ખંભાત બંદર જ્યારે ધમધમતું હતું, ત્યારે અંગ્રેજો દરિયાઈ માર્ગે અહીં આવ્યા અને મનોરંજન તરીકે ક્રિકેટ તથા પતંગ ઉડાવવાની પરંપરા સાથે લાવ્યા. અંગ્રેજોની પતંગ જોઈને ખંભાતના કુશળ કારીગરોએ પોતાની કારીગરીથી પતંગ બનાવવાની શરૂઆત કરી-અને ત્યાંથી ખંભાતી પતંગોએ આખા ગુજરાતમાં નામ કમાયું. ખંભાતી પતંગોની ખાસિયત એ છે કે તેમાં વપરાતો જીલેટીન કાગળ આકર્ષક અને ચગાવવામાં અનુકૂળ હોય છે. ઉત્તમ ફિનિશિંગવાળી વાંસની કમાન પતંગને આકાશમાં સ્થિર રાખે છે. મોગલ કાળથી લઈને અંગ્રેજી શાસન સુધી ખંભાતી પતંગોની બોલબાલા રહી છે. પેઢી દર પેઢી ચાલતી આ કારીગરી આજે પણ નવી ઊર્જા સાથે આગળ વધી રહી છે. હાલ ખંભાતમાં 7થી 8 હજાર જેટલા પતંગ કારીગરો છે, જેમાં ચાર હજારથી વધુ મહિલાઓ ઘરે બેસીને પતંગ બનાવી આવક મેળવે છે. આ વર્ષે ચીલ, ગેંસિયા અને કનકવા જેવી ડિઝાઇનની માંગ વધુ રહી છે. કાચામાલ-કાગળ, કમાન અને મજૂરી-બધાના ભાવ વધ્યા છે. પરિણામે 100 પતંગોના ભાવ રૂ.450થી વધીને રૂ.600 થયા છે. તેમ છતાં બજારમાં ખંભાતી પતંગો ખરીદવા પતંગ રસિકોનો ઘસારો યથાવત છે. પતંગ વિક્રેતાઓ કહે છે કે ખંભાતી પતંગોની ઉડાન, દેખાવ અને ગુણવત્તા લોકો ફરી ફરી અહીં ખેંચી લાવે છે. 20'5થી લઈને 92 સાઈઝ સુધીની વિવિધ પતંગો-ચાપટ ફેન્સી, ખાખી ઢગલ અને મેટલ મોટા-રૂ.250થી રૂ.20,000 સુધી વેચાય છે. ખંભાતનો પતંગ ઉદ્યોગ માત્ર વેપાર નથી; તે એક સંસ્કૃતિ, એક પરંપરા. અને હજારો હાથોની મહેનતનું આકાશી સ્વપ્ન છે.

શુ કહે છે પતંગ વિક્રેતા

પતંગ વિક્રેતા સાહિલભાઈ ચુનારાએ જણાવ્યું હતું કે, ખંભાતમાં પાન ટોપા, દિલ ગુલ્લા, ફરાહ, ચોકડો, ચીલ, ચાંદ, ડબલ દિલ, દિવો, રોકેટ, ચાપટ, પાવલા, બામચી, પીવીસી, ચંદરવો, કનકવો, ફેન્સી ચાપટ, ખાખી ઢગલ, મોટા મેટલ સહિતની અલગ અલગ ડિઝાઇનની પતંગો બનાવવામાં આવે છે. અમદાવાદ જિલ્લાના બાવળાના પતંગ રસિક સતિષભાઈએ જણાવ્યું હતું કે, ખંભાતીપતંગો મનમોહક, કલાત્મક હોય છે. છેલ્લાં 5 વર્ષથી દર વર્ષે પરિવાર સાથે તો ક્યારેક મિત્રો સાથે ખંભાતીપતંગો ખરીદવા આવું છું.ખંભાતીપતંગચગવામાં સરળ અને દેખાવમાં સુંદર હોઈ છે અને એ આકર્ષણ ખંભાત સુધી ખેંચી લાવે છે.

અલગ અલગ સાઇઝની 100 પતંગોના ભાવો !

રૂ.250-300 - 20'5, રૂ.450-600 - 27'5, રૂ.650-750 - 30'5, રૂ.800-1000 - 34'5, રૂ.1400- 38'5, રૂ.2000/2500 - 42'5, રૂ.5000- 52'5 (ચાપટ ફેન્સી), રૂ.12000- 62'5 (ખાખી ઢગલ), રૂ.15000- 72 મેટલ મોટા, રૂ.20000-92 (મોટા) એમ અલગ અલગ સાઈઝની પતંગોના ભાવ રહ્યા છે.

પતંગ બનવવાના મટીરીયલ્સ સહીત મજૂરી ખર્ચ વધતા પતંગો મોંઘી

રમેશભાઇ ચુનારા ખંભાતમાં કલકત્તાથી કમાન મંગાવીએ છીએ.જે ચીડિયો પાડેલી આવે છે. ગયા વર્ષે કમાનોનો ભાવ 450 હતો આ વર્ષે 700 થયો છે.હતો. ખંભાતમાં કાગળ પણ દિલ્હી મુંબઈથી આયાત થાય છે.જેનો ભાવ પણ વધીને 1150થી વધીને 1350 થયો છે.પતંગ બનાવવાની મજૂરી પણ 1600થી વધીને 2200 થઈ છે.